# વસો કેમ્પસ ખાતે “રાષ્ટ્રીય સેવા યોજના દિવસ”ની ઉજવણી

કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, આ. કૃ. યુ. વસોની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તારીખ ૨૪/૦૯/૨૦૨૧ ના રોજ **“રાષ્ટ્રીય સેવા યોજના દિવસ”**ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણીના ભાગ રૂપે વિવિધ સ્પર્ધા જેવી કે શીઘ્ર વકૃત્વ, સોલો સોંગ, સ્લોગન રાઈટીંગ અને ફોટો પ્રદર્શનનું આયોજન કર્યું હતું. તેમાં સ્લોગન રાઈટીંગ અને ફોટો પ્રદર્શન સ્પર્ધા ઓનલાઈન યોજી હતી જેથી કૃષિ પોલિટેકનીકના વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શક્યા હતા. શીઘ્ર વકૃત્વ અને સોલો સોંગ સ્પર્ધા ઓફલાઈન હતી તેમાં કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીકના કુલ ૭૪ વિદ્યાર્થીઓએ આ બધી સ્પર્ધાઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત એન. એસ. એસ.ના થીમ ગીતથી કરવામાં આવી હતી ત્યારબાદ એન. એન. એસ.ની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી. એન.એસ. એસ. કાર્યક્રમ અધિકારી કુ. પુષ્પાબેન પરમારે એન. એસ. એસ. હેઠળ ચાલતી વિવિધ પ્રવૃતિઓની વિસ્તૃત ચર્ચા કરી હતી. કાર્યક્રમના અંતે ડૉ. વી. પી. રામાણી, આચાર્યશ્રી દ્વારા એન. એસ. એસ. ના હેતુઓ અને તે યુવા વર્ગ માટે કઈ રીતે ઉપયોગી છે અને રાષ્ટ્રનાં વિકાસ માટે કઈ રીતે ઉપયોગી છે તે બાબતે માર્ગદર્શન પુરા પાડવામાં આવેલ. **“રાષ્ટ્રીય સેવા યોજના દિવસ”**ની ઉજવણીની સ્પર્ધાઓ પૂર્ણ થતાં વિજેતા સ્પર્ધકોનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું.

